## અપહરણ કરી ખંડણી ઉઘરાવનાર રીઢા ગુનેગારને ઝડપી પાડતી, ક્રાઇમ બ્રાંચ, સુરત શહેર

તા.૧૫/૦૭/૨૦૧૯ ના રોજ ફરીયાદીશ્રીએ ફરીયાદ આપેલ કે છોટુ સિદ્દીકી, આસીફ ટામેટો, અજ્જુ ટામેટો, સંદીપ, યુસુફ તથા બીજા સાતેક અજાણ્યા ઈસમો અવાર નવાર અપહરણ કરી ફરીયાદીને તથા ફરીયાદીના પરીવારના સભ્યોને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ટુકડે ટુકડે કુલ રૂપિયા ૫૫,૭૫,૦૦૦/- તથા પોતાના મિત્ર રાજેશ અગ્રવાલ પાસેથી ૧,૦૦,૦૦૦/- બળજબરી પુર્વક કઢાવી લીધેલ અને હાલમાં પણ આ આરોપીઓ દ્વારા ફરી.ને તથા પરીવારના સભ્યોને મારી નાંખવાની ધમકીઓ આપી, મોતના ભયમાં મુકી, રૂપિયાની માંગણી કરી રહેલ હોય, જેથી ફરીયાદ આપતા ડી.સી.બી.પો.સ્ટે.માં I ગુ.ર.નં.૧૪/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૬૪(ક), ૩૮૭, ૧૨૦(બી) મુજબની ફરીયાદ નોધાયેલ આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ ખુબ જ રીઢા હોય અને તેઓથી ફરીયાદી તથા સાહેદોને જાનનો ભય હોય, તે અંગે તમામ તકેદારી રાખી આ ગુનાની તપાસ અંગે ક્રાઈમ બ્રાન્ચના **PSI** ટી.એ.ગઢવી તથા પોલીસ માણસો સુરત શહેર વિસ્તારમાં ખાનગી રાહે તપાસ ચલાવી રહેલ હતા તે દરમ્યાન આ ગુનામાં સંડોવાયેલ મુખ્ય અને ટામેટા ગેંગનો મુખ્ય સુત્રધાર મુજફ્ફરઅલી ઉર્ફે આસીફ ટામેટા જાફરઅલી સૈયદ ઉ.વ.૩૯ રહે. બિલ્ડીગ નં.ડી-૧, રૂમ નં.૧૭, SMC ઉમરવાડા ટેનામેન્ટ ૪૫૧ માર્કેટની પાછળ, સલાબતપુરા, સુરતનાને શોધી કાઢી અટક કરવામાં આવેલ. મજકુર આરોપી ખુબજ માથાભારે અને ઝનુની સ્વાભાવનો અને તે સુરત શહેરમાં સને ૨૦૦૧ થી ગુનાહીત પ્રવૃત્તિ ચલાવી રહેલ. જે પ્રવૃત્તિ દરમ્યાન તે ખુનના ગુનામાં બે વખત તેમજ મારા મારી, મોબાઇલ ચોરી તેમજ જુગારધારાના આશરે વીસેક જેટલા ગુનાઓમાં પકડાયેલ અને તેની આ પ્રવૃત્તિ અટકાવવા સારૂ બે વખત પાસા અટકયાતી તરીકે અટકાયતમાં લઇ જુદી જુદી જેલમાં અટકાયતમાં મોકલી આપવામાં આવેલ હોવા છતાં તેની ગુનાહીત પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે. હાલમાં તે સલાબતપુરા તથા લીમ્બાયત પો.સ્ટે.માં તેના વિરૂધ્ધ નોંધાયેલ ગુનાઓમાં નાસતો ફરતો હોય, જેને પકડી પાડી, ઉપરોક્ત ગુન્હાનો ભેદ ઉકેલી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.